**IN THE TALUKA COURT AT VAV**

**REGULAR CIVIL SUIT NO. 10 OF 2014.**

RCS/10/2014

**Plaintiff :**

**1.** PACHANBHAI MULABHAI KAPDI
KAILASHNAGAR
BEHIND VELUNAGAR
DEESA
DEESA BANASKANTHA

**2.** RATANBEN MULABHAI KAPDI
DHANERA
DHANERA BANASKANTHA

**3.** VEJIBEN MULABHAI KAPDI
DHANDHRA
SURENDRANAGAR

**VERSUS**

**Defendant :**

1. SHANKARBHAI MADEVABHAI KAPDI
LATIBAZAR
DEESA
DEESA BANASKANTHA

2. BHANABHAI KEVALBHAI KAPDI
LATIBAZAR
DEESA
DEESA BANASKANTHA

Appearance:
V.K.VEN For Plaintiff 1

T.T.GOHIL For Defendant 2

---

**JUDGEMENT**

## આંક : ૫ તથા આંક–૧૦ ની વચગાળાની મનાઈ અરજી લગત હુકમ

(૧) આ કામના વાદીએ પ્રતિવાદીઓ વિરુધ્ધ જાહેરાત અને કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો દાખલ કરેલ છે અને સદર કામે આંક–૫ ની અરજી થી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અરજ ગુજારેલ છે.વધુમાં વાદી તર્ફે આંક–૧૦થી પણ આ કામના પ્ર તિવાદીઓએ દાવાવાળી જમીનને ગેરકાયદેસર ખોદકામ કરી ઢાળીયુ ન બનાવવા અરજ ગુજારેલ છે અને તેમા પણ મનાઈ અરજીનાં સંદર્ભે દાદ માંગેલ છે, આથી આંક–૫ તથા આંક–૧૦ની અરજી લગત સંયુકત હુકમ કરવામાં આવે છે.

વાદીની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,વાદીઓ મોજે આછુવા ગામના મુળ વતનીઓ છે.વાદીઓનું સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાનું વડીલોપાર્જીત ખેતર રે.સ.નં.૩૨૧ પૈકી ૧ એકર–૦૩–૨૦ ગુંઠા ખેતીની જમીન આછુવા મુકામે આવેલ છે.વાદીઓના પિતાજી મર્હુમ મુળાભાઈ વિરાભાઈ કાપડીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે આછુવા મુકામે આવેલ છે.જેની નોંધ આછુવાના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬(હકકપત્રક)નોંધ નં.૧ થી તા.૧.૮.૫૪ થી તેમા જાગીરી નાબુદી થવાથી ખેડુતો જે જાગીરી નાબુદી પહેલા ત્રણ વર્ષથી વાવતા હતા અને ત્યારે પણ તેમનો કબજો છે અને તેઓ જાગીર વજેભાગ ભરતા હતા તેઓને તા.૧.૮.૧૯૫૪થી પરમેનન્ટ હોલ્ડર તરીકે દાખલ ગણવા અને તા.૧.૮.૧૯૫૪થી પુરેપુરો જમીન મહેસુલ લેવાની નોંધ કરી જે નોં ધ પ્રમોલગેશન વખતે રેવન્યુ રેકર્ડ પ્રાંત ઓફીસરશ્રીએ પાડી મંજુર કરેલી,ત્યારબાદ વાદીઓના પિતાશ્રી મર્હુમ કાપડી મુળાભાઈ વીરાભાઈ સને–૧૯૯૬માં ગુજરી જતા તેમના સીધી લીટીના વારસદારોની નોંધ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૬(હકકપત્રક)નોંધ નં.૧૦૬,તા.૧૭.૧ ૨.૧૯૬૭ના રોજ વારસા હકકથી કાપડી મુળાભાઈ વિરાભાઈની વિધવા ઓરત બાઈ લાડુબેન તથા સગીર પચાણભાઈ તથા રતનબેન તથા વેજીબેન વાલી માતા બાઈ લાડુના નામે નોંધ સર્કલ ઓફિસરશ્રી માવસારીએ ખાત્રી કરી પાડેલ,ત્યારબાદ વાદી તથા વાદીની માતા લાડુબેનને ઘરખર્ચનું લ્હેણુ ભરપાઈ કરવાનું હોવાથી રે.સ.નં.૩૨૧નો રજી.વેચાણ દસ્તાવેજ અનુ નં.૪૧૧થી તા.૧૨.૪.૯૬ના રોજ વેચાણ આપેલ.જે નોંધ નં.૫૮૬,તા.૧ ૨.૩.૧૯૯૭માં પાડવામાં આવેલી.જે સદરહું નોંધ સર્કલ ઓફિસર શ્રી ટડાવ ધ્વારા તા.૮.૭.૯૭ના રોજ મંજુર કરવામાં આવેલી અને બાકી રહેતી જમીન વાદીઓ વર્ષોથી કોઈપણ જાતના રોક–ટોક કે અવરોધ વગર ખેતી કરે છે અને હમણા છેલ્લાં બે વર્ષથી સદરહું

રે.સ.નં.૩૨૧ પૈકી ૧ વાળુ ખેતર વાદીઓએ આ કામના પ્રતિવાદી નં.૧ વાળાને અડધા ભાગથી વાવવા આપેલ છે.તેઓ ફકત ચોમાસુ સીઝન વાવે છે અને સીઝન પાકે ત્યારે વાદીના ભાગની પેદાશ વાદીને આપતા,હમણા ચાલુ સાલે ચોમાસાની સીઝનમાં અમારા સદરહું ખેતરમાં બાજરી તથા કઠોળનું વાવેતર કરેલ હતુ અને એકાદ મહીના પહેલા આ કામના પ્ર તિવાદી નં.૧ વાળા પાસે અમારુ સદરહું ખેતરમાંથી થયેલ ઉપજમાંથી વાદીના હિસ્સાની ઉપજ લેવા માટે વાદી તથા તેમના કુટુંબના સભ્યો આછુવા ગયેલા અને પ્રંતિવાદી નં.૧ વાળા પાસે અમારા હીસ્સાની ઉપજની માંગણી કરતાં પ્રતિવાદીઓએ વાદીઓને તેમના હિસ્સાની પેદાશ આપેલ નહી અને કહેલ કે આ જમીનમાંથી અમોને હિસ્સાો આપ નહીતર અમો તારા આ ખેતરમાં બળ જબરીથી જઈને આ ખેતરનો કબજો પડાવી લઈશું.બે અઠવાડીયામાં અમને આ ખેતરનો હિસ્સો આપી દેજે નહીતર તને જાનથી મારી અને તારૂ ખુન કરી તારા ટુકડે ટુકડા કરી આ ખેતરમાં ખાડો ખોદી દાટી દઈશું.વાદીઓની સ્વતંત્ર માલીકી ખાતા કબજા ભોગવટાવાળી રે.સ.નં.૩૨૧ પૈકી ૧વાળી જમીનમાં આ કામના પ્રપિવાદીઓનો કોઈપણ જાતનો લાગ–ભાગ કે હકક,હિસ્સો કે અધીકાર ન હોવા છતાં છેલ્લા એક મહીનાથી વાદીઓ પાસેથી વાદગ્રસ્ત ખેતરનો કબજો બળજબરીથી પડાવી લેવા માટે યેન–કેન પ્રકારે વાદીઓને ધમકીઓ આપે છે કે, આ જમીનમાંથી હિસ્સો આપો નહીતર આ ખેતરમાં બળજબરીથી ઘુસી જઈને ખેતરનો કબજો બળજબરીથી પડાવી લેશુ.

સદરહું ખેતરના શેઢે નર્મદા કેનાલ પસાર થયેલ છે અને વાદીઓ હવે આ કામના પ્ર તિવાદીઓને સદરહું જમીન ભાગથી વાવવા આપવા માંગતા નથી તેવા સંજોગોમાં આ કામના પ્રતિવાદીઓ કાયદો હાથમા લઈ હથિયારો લઈ વાદીઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાવાળા ખેતરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી વાદીઓના ખેતરનો કબજો પડાવી લઈ અને વાદીઓને નાણાથી પણ ભરપાઈ ન થાય તેટલું અસહય નુકશાન થાય તેમ છે.વાદી સ્વતં ત્ર માલીક ખાતેદાર અને કબજેદાર છે અને રેવન્યુ રેકર્ડના માલીકી હકકમાં વાદીઓના નામે અને ખાતે ચાલે છે તેમજ સદરહું ખેતરનું પાણી–પત્રક પણ વાદીના નામનું છે તેમજ સદરહું ખેતરનું મહેસુલ પણ વાદીઓ ભરે છે જેથી વાદીનો આ પ્રાઈમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓના લાભમાં છે તેવા સંજોગોમાં આ કામના પ્ર તિવાદીઓને તેમના ગૈર કાયદેસરના કૃત્યને તાત્કાલીક હંગામી મનાઈ હુકમથી રોકવામાં ન આવે તો આ કામના પ્રતિવાદીઓ બળજબરીથી અને દાદાગીરીથી સદરહું ખેતરનો કબજો પડાવી લે તો વાદીઓને નાણામાં ભરપાઈ ન થાય તેવુ અને તેટલું અસહય આર્થિક નુકશાન થાય તેમ છે. અને આ કામના પ્રતિવાદીઓ ધાકધમકીથી વાદીઓ પાસેથી કબજો પડાવવાની કોશીષ કરતા હોઈ વાદીએ આ દાવો દાખલ કરવાની જરૂર પડેલ છે. આ કામે મોજે ગામ આછુવા,તા.વાવની સીમમા આવેલ ખેતર રે.સં.નં.૩૨૧ પેકી ૧ વાળી જમીન માટે કાયદો

હાથમાં લઈને જાતે કે તેમના મળતીયા માણસો ધ્વારા કે નોકર,ચાકર એજન્ટો વિગેરે ધ્વારા પ્ર વેશ કરે કરાવે નહી તેવો તથા દાવાવાળી જમીન ખેતી કરવા આવતાં–જતાં કે ખેડ ઉપજ લેતા પ્રતિવાદીઓ હરકટ અટકાવ હેલો યા રૂકાવટ કરે કરાવે નહી. તેવો હંગામી મનાઈ હુકમ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને દાવા અરજીની નોટીસ બજાવવામાં આવેલ છે અને પ્ર તિવાદીઓને નોટીસ બજતા પ્રતિવાદીઓ તરફે આંક–૧૭થી જવાબ રજુ થયેલ છે જેમા જણાવેલ છે કે,મોજે આછુવા ગામની સીમના સ.નં.૩૨૧ પૈકી ૧વાળી જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા તથા પ્રતિવાદી નં.૨ સગાભાઈ કાપડી માદેવ કેવળે આ કામના વાદી નં.૧ અને તેમના માતૃશ્રી લાડુબેન મુળાભાઈ પાસેથી તા.૧૫.૪.૧૯૮૬ના રોજ રજી.વે.દ.નં.૪૧૩/૧૯૮૬થી વેચાણ રાખેલ.સદરહું જમીન વેચાણ રાખ્યા બે–એક વર્ષ પછી તેઓ ગુજરી ગયેલ અને પ્ર તિવાદી નં.૧ વાળા સગીર હોઈ જેતે વખતે રેવન્યુ રેકર્ડમાં સદરહું વેચાણની નોંધ પડેલ નહી પરંતુ સદર જમીન વેચાણ રાખી તે જ દિવસથી સ.નં.૩૨૧ પૈકી એ.૫–૨૯ વાળી જમીનનો પ્ર ત્યક્ષ કબજો ભોગવટો અમારા વડીલ કાપડી માદેવ કેવળે સંભાળી લીધેલ અને તેઓ ગુજરી જતા સદરહું જમીન પ્રતિવાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં માલીકી હકથી ચાલી આવે છે.આ કામના વાદીઓએ પ્રતિવાદીને વેચાણ આપેલ જમીન રેવન્યુ રેકર્ડમાં ચાલતી હોઈ તેનો ગેરલાભ લઈ સદરહું જમીન મધ્યેથી એ.૩–૦૦ જમીન વિસાભાઈ નાથાભાઈને સને–૧૯૯૬માં વેચાણ આપેલ અને તેમણે સોલંકી નીલાબેન સારેંગજીને વેચાણ આપેલ છે આ બંને દસ્તાવેજો પ્રતિવાદી સાથે ફ્રોડ કરવાના બદ ઈરાદાથી કરેલ છે,તે પછીથી પ્રતિવાદી નં.૧ થરાદના મદદનીશ કલેકટર સાહેબની કોર્ટ આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧ની કરેલી જે કામે આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ તથા કાપડી વિસાભાઈ નથાભાઈ અને સોલંકી નીલાબેન સારેંગથભાઈ વચ્ચે સમાધાન થયેલ અને આ સમાધાન મુજબ વાદીઓની માલીકીની સ.નં.૩૨૧ પૈકી વાળી જમીન બાબતે જે દસ્તાવેજ કરી આપેલ બંને દસ્તાવેજો રદ બાતલ ઠરાવવુ નકકી થયેલ.જેથી પ્રતિવાદી નં.૧ એ આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧ની પરત ખેંચી લીધેલ અને તે પછીથી પ્રતિવાદીઓને તથા કાપડી વિસાભાઈ નાથાભાઈ તથા નીલાબેન સારંગભાઈને દસ્તાવેજો રદ કરાવવાનું કહેલ પરંતુ તેઓની દાનત બગડતા તેઓ આ સમાધાનથી ફરી ગયેલ જેથી પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ ફરીયાદ કરેલ અને તે પછીથી તેમણે પણ પ્રતિવાદી વિરૂધ્ધ ફરીયાદ કરેલ અને ખોટો દાવો લાવેલ છે.આથી દાવાવાળી જમીનમા વાદીનો કોઈ હકક હિસ્સો ન હોય વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવાં જણાવેલ છે.

(૩) **વાદી તર્ફે દસ્તાવેજી પુરાવો** :–

(૧) માર્ક–૪/૧થી દાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૧૦૬,૫૮૬,૬૦૫.

(૨) માર્ક–૪/૨થી દાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૯૯૨.

(૩)માર્ક–૪/૩થી દાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૧૩૪૫.

(૪)માર્ક–૪/૪થી દાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૧૩૬૬.

(૫)માર્ક–૪/૫થી દાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૧૪૩૭.

(૬)માર્ક–૪/૬થીદાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૧૪૪૨.

(૭)માર્ક–૪/૭થી દાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૧૪૮૪.

(૮)માર્ક–૪/૮થી દાવાવાળી જમીનના હકકપત્રક–૬ નોંધ નં.૧૫૨૪.

(૯)માર્ક–૪/૯થી દાવાવાળી જમીનનો ૮–અ.

(૧૦)માર્ક–૪/૧૦–૧૧થી દાવાવાળી જમીનના ઉતારા ૭ તથા ૧૨ ની નકલ.

(૧૧)માર્ક–૪/૧૨થી પ્રતિવાદીઓએ વાદી વિરૂઘ્ધ આપેલ ફરીયાદ.

(૧૨)માર્ક–૪/૧૩થી વાદીની દાવાવાળી જમીનમાં મળેલ નહેર વળતરના ચેકની નકલ.

(૧૩)માર્ક–૨૪/૧થી તલાટી રૂબરૂ કબજા અંગેનું રોજકામ.

(૧૪)માર્ક–૨૪/૨થી પ્રતિવાદીઓએ કરેલ આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧.

(૧૫)માર્ક–૨૪/૩થી આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧ના કામે પ્રતિવાદીઓની વિડ્રો પુરસીસ.

(૧૬)માર્ક–૨૪/૪થી આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧ના કામે આંક–૧ લગત હુકમ.

(૧૭)માર્ક–૨૨/૧ થી ૩ સુધી સોગંદનામું.

(૪) **<u>પ્રતિવાદીઓ તર્ફે દસ્તાવેજી પુરાવો</u>** :–

(૧)માર્ક–૨૦/૧થી દાવાવાળી જમીનનો ૨.વે.દ.નં.૪૧૩/૧૯૮૬ની ઝેરોક્ષ.

(૨)માર્ક–૨૦/૨–૩થી સોગંદનામું.

બાદ આ કામે વાદીએ આંક–૨૧થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે.

(૫) બાદ આ કામે વાદી તર્ફે તથા પ્રતિવાદી તર્ફે દલિલો સાંભળવામાં આવેલ વાદી તર્ફે વિ.વ.શ્રી વી.કે.વેણ પોતાની રજુઆતમાં જણાવે છે કે,વાદી હાલની મનાઈ અરજ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે લાવેલ છે અને હકકપત્રક નોંધ નં.૧ જોતા વાદીના પિતાને પ્રમોલગેશનથી દાવાવાળી જમીન મળી છે અને નોંધ નં.૧૦૬ મુજબ અમો વાદીના પિતા મરણ જતાં વારસાઈ હકકથી અમો વાદીઓ પાસે દાવાવાળી જમીન આવેલ છે અને નોધ નં.૫૮૬થી અમો વાદીના માતાએ દાવાવાળી અડધી જમીન દસ્તાવેજ નં.૪૧૧થી કાપડી વીસાભાઈને વેચાણ આપેલ અને બાકી રહેતી ૩–૨૦ એ.ગું.આ કામના પ્રતિવાદીઓને વાવવા આપેલ અને તેઓએ કોઈ ઉપજ આપેલ નહી અને બળજબરીથી દાવાવાળી જમીન પડાવી લેવા માટે ધાક ધમકી આપી રહયા છે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ લાગભાગ નથી અને પ્રતિવાદીઓએ અમારો કબજો પડાવી લેવા માટે તા.૧૭.૨.૧૪ના રોજ હુમલો પણ કરેલ જેની અમોએ વાવ પો.સ્ટે.માં અરજી પણ આપેલ.રેકર્ડમાં વાદીઓનું નામ ચાલે છે અને પ્રતિવાદીઓનું રેકર્ડમાં કોઈપણ પ્રકારે નામ નથી આથી અમો વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ

છે વધુમાં આ કામના પ્રતિવાદીઓએ નોંધ નં.૫૮૬ સામે આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧ કરેલ જે તેઓએ વિડ્રો કરેલ છે અને દાવાવાળી જમીનનો કબજો અમારી પાસે હોઈ માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા રજુઆત કરેલ છે.

પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી.પી.એમ.ચૌહાણ પોતાની રજુઆતમાં જણાવે છે કે,દાવાવાળી જમીન પ્રતિવાદીના પિતાને તા.૧૫.૪.૮૬ના રજી.વેચાણ દસ્તાવેજ નં .૪૧૩/૧૯૮૬,તા.૧૫.૪.૮૬ના રોજ વેચાણથી રાખેલ છે અને સને–૧૯૮૮માં પ્રતિવાદીના પિતા મરણ જતા આ વે.દ.માં નોંધ પડેલ નહી અને રેવન્યુ રેકર્ડમાં વાદીનું નામ ચાલતુ હોઈ તેઓએ વિહાભાઈ નથાભાઈને ફ્રોડ વેચાણ સને–૧૯૯૬માં કરી આપેલ જેની પ્રતિવાદીને જાણ થતાં આ કેસ અપીલ નં.૨૭/૧૧ કરેલ અને જેમા અમારે સમાધાન થતાં અમારો માલિકી હકક કબુલ રાખતા અને અમોને વિશ્વાસ આપતા અમોએ તે વિડ્રો કરેલ છે પરંતુ ત્યારબાદ વાદીનો રેવન્યુ રેકર્ડમાં નામ હોઈ હાલનો ખોટો દાવો કરેલ છે આથી હાલની મનાઈ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) ઉપરોકત અરજી અને દસ્તાવેજો તેમજ વાદીના વકિલશ્રીની દલિલો ધ્યાને લેતાં આંક–૫ ના નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા :</u>**

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?
(૨) શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?
(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ના થાય તેવું પારાવાર નુકશાન વાદીને થાય તેમ છે ?
(૪) શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.
(૧) હકારાત્મક
(૨) હકારાત્મક
(૩) હકારાત્મક
(૪) આખરી હુકમ મુજબ.

(૮) **<u>મુદ્દા નં.૧ થી ૩ માટેના કારણો :</u>**

વાદીની મનાઈ અરજી, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, તેમજ પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ જવાબ તેમજ પક્ષકારોની દલીલો ધ્યાને લીધી.વાદી તર્ફે વિ.વ.શ્રી પોતાની રજુઆતમા જણાવે છે કે ,દાવાવાળી જમીન અમો વાદીના પિતાના નામે આવેલ અને દાવાવાળી જમીનમા પ્ર તિવાદીઓનો કોઈ લાગભાગ નથી આ સંદર્ભે વાદી તર્ફે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરેલ માર્ક–૪/૧થી હકકપત્રક નોંધ નં.૧ જોવામાં આવે તો તેમાં દાવાવાળી જમીન પ્રમોલગેશ નોંધથી વાદીના પિતા મુળાભાઈ વીરાભાઈને મળેલ છે અને નોંધ ન.૧૦૬થી દાવાવાળી જમીન વારસાઈ હકક કે વાદીઓના ભાગે આવેલ હોવાનું જણાઈ આવે છે તેમજ નોંધ નં.૫૮૬થી દાવાવાળી જમીનનો એક

ભાગ વાદીના માતાએ તા.૧૨.૩.૯૭ના રજી.વે.દસ્તાવેજ થી વીસાભાઈ નથાભાઈને વેચાણ આપેલ હોવાનું ફલિત થાય છે તેમજ માર્ક–૪/૯ થી ૧૧ રજુ દાવાવાળી જમીનના ૮–અ તથા ૭–૧૨ના ઉતારામાં પણ વાદીઓનું નામ પ્રાથમિક રીતે જણાઈ આવે છે,વધુમાં હકકપત્રક નોંધ નં.૧૫૨૪,૧૫૮૪થી પણ આ કામના વાદીએ દાવાવાળી જમીનની બોજા મુકતીની નોંધ પણ પડાવેલ છે,વધુમાં માર્ક–૪/૧૩થી વાદીને દાવાવાળી જમીનમાં નહેર વળતરની રકમનો ચેક વાદીને મળેલ તેની ઝેરોક્ષ રજુ કરેલ છે જે ઘ્યાને લેતા પણ વાદીને ડેપ્યુ.એકઝી.ઈજનેર ઘ્વારા ૧,૭૩,૮૨૬/–વળતર પેટે તા.૨૯.૮.૧૧ના રોજ મળેલ હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવે છે વધુમાં વાદી તર્ફે માર્ક–૨૪/૧થી દાવાવાળી જમીનમાં તેમનો કબજો છે તે અંગેનો તલાટી તથા પંચો રૂબરૂનું રોજકામ રજુ કરેલ છે.જે જોતા પણ પ્રાથમિક રીતે દાવાવાળી જમીન વાદીના કબજામાં આવેલ હોવાની હકીકતને પ્રાથમિક રીતે સમર્થન મળે છે.પ્રતિવાદી તર્ફે એવી દલિલ કરવામાં આવેલ છે કે,દાવાવાળી જમીન વાદીના પિતાએ અમો પ્રતિવાદીના પિતાને રજી.વે.દસ્તાવેજ.નં.૪૧૩/૮૬થી તા.૧૫.૪.૮૬ના રોજ વેચાણ આપેલ છે અને ત્યારથી દાવાવાળી જમીન અમો પ્રતિવાદીના કબજામાં છે.પરંતુ વાદીને રેવન્યુ રેકર્ડમાં નામ ચાલતુ હોય વાદી હાલનો ખોટો દાવો લાવેલ છે.પ્રતિવાદી તર્ફેની દલિલના સંદર્ભમાં પ્રતિવાદી તર્ફે માર્ક–૨૦/૧ થી ર.વે.દ.નં.૪૧૩/૮૬ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે પરંતુ દાવાવાળી જમીન હાલમાં પ્ર તિવાદીઓના કબજામાં હોઈ તે અંગે રેકર્ડ ઉપર સંતોષકારક પુરાવાઓ રજુ કરી પોતાનો પ્રાથમિક કબજો આ અરજીના નિર્ણય વખતે પ્રાથમિક રીતે પુરવાર કરી શકેલ નથી.વધુમાં વાદી તર્ફે માર્ક–૨૪/૨થી આ કામના પ્રતિવાદીઓએ નોંધ નં.૫૮૬ રદ કરવાં આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧ ને દાખલ કરેલ પરંતુ તે અપીલમાં હાલના પ્રતિવાદીએ સદરહું અપીલ પક્ષકારો વચ્ચે સમાધાન થતા અપીલ વિડ્રો કરેલ છે જેનો હુકમ પણ માર્ક–૨૪/૪થી રજુ છે.આમ રેવન્યુ રેકર્ડ જોવામાં આવે તો આ કામના પ્રતિવાદીએ માર્ક–૨૦/૧થી આ કામના વાદીએ પ્રતિવાદીને કરી આપેલ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તો આટલા બધા લાંબા સમય સુધી કયાં કારણસર પ્રતિવાદી આ દસ્તાવેજ આધારે પોતાનો હકક માંગેલ નથી અને ત્યારબાદ આ કામના વાદીઓએ દાવાવાળી જમીનનો અમુક ભાગ રજી.વે.દસ્તાવેજ.નં.૪૧૧/૯૬,તા.૧૨.૪.૯૬ના રોજ વીસાભાઈ નથાભાઈને વેચાણ આપેલ અને તે નોંધ મંજુર પણ થયેલ છે.આથી આટલા લાંબા સયમ સુધી પ્રતિવાદીઓએ કયા કારણસર કોઈ વં ધો રજુ કરી પોતાનો હકક રેકર્ડ પર લાવેલ નથી તેમજ સને–૨૦૧૧માં આ કામના પ્રતિવાદીએ સદરહુ નોંધ સામે આર.ટી.એસ.અપીલ નં.૨૭/૧૧ કરેલ છે પરંતુ તે પણ પ્રતિવાદીએ વિડ્રો કરી લીધેલ છે.આથી પણ રેવન્યુ રેકર્ડ ઉપરથી વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ અને દાવાવાળી જમીન પર તેમનો પ્રાથમિક રીતે કબજો હોવાનું આ અરજીના નિર્ણય વખતે પુરવાર કરવામાં સફળ રહેલ છે તેમજ પક્ષકારો વચ્ચે જો ટાઈટલ અંગે તકરાર હોય તો તે બંને પક્ષે પુરાવો લીધા બાદ જ દાવાવાળી જમીનનો ટાઈટલ નકકી થઈ શકે તેમ છે પરંતુ આ અરજીના નિર્ણય તબકકે વાદી દાવાવાળી જમીન ઉપર તેઓનો પ્રાથમિક કબજો પુરવાર કરવામાં સફળ રહેલ છે અને બેલેન્સ ઓફ કન્વીયન્સ પણ જયારે વાદીના

નામનું રેવન્યુ રેકર્ડ પ્રમોલગેશન નોંધથી ચાલી આવતુ હોય ત્યારે વાદીની તરફેણમાં હોવાનુ પણ વાદી આ અરજીના નિર્ણય તબકકે પ્રાથમીક શીતે પુરવાર કરી શકેલ છે તેમજ રેકર્ડ પરના પુરાવા પરથી પણ જો વાદીની માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં નહી આવે તો વાદીને નાણાથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે તે પણ રેકર્ડ પરના પુરાવા પરથી વાદી પ્રાથમીક રીતે પુરવાર કરવામા સફળ રહેલ છે.આમ વાદી મુદ્દા નં.૧ થી ૩ પુરવાર કરવામાં સફળ રહેલ છે તેમ ઠરાવી મુદ્દા નં.૪ પરત્વે આખરી હુકમ નીચે મુજબ ફરમાવુ છું.

**//હુકમ//**

હાલની વાદીની આંક :૫ ની અરજી મંજુર કરવામાં આવે છે અને વાદીની તરફેણમાં તથા પ્રતિવાદીની વિરૂધ્ધમાં મોજે,આછુવા,તા.વાવ,જી.બનાસકાંઠાની સીમમાં આવેલ રે.સ.નં.૩૨૧ પૈકી ૧ એ.૦૩–૨૦ ગુંઠાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકરો,એજન્ટો,મળતીયાઓ કે મજુરો મારફત પ્રવેશ કરે કરાવે નહી અને વાદીને ખેતરમાં ખેતી કરતાં કે ઉપજ લેતા કોઈપણ જાતનો હેલો હરકત કે અવરોધ કરે કરાવે નહી કે ખેતરમાં બળજબરીથી ઘુસી જઈ પ્રવેશ કરે કરાવે નહી તેવો હંગામી મનાઈ હુકમ આપવામાં આવે છે.

વધુમાં આંક–૧૦ની વાદીની અરજી પણ મંજુર કરવામાં આવે છે પરંતુ અરજીની દાદનો સમાવેશ આંક–પની મંજુર કરેલ દાદમાં થઈ જતો હોઈ વિશેષ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**___આજ રોજ ૧૦મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૧૪ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**Date : 10/09/2014**    **Mr Bharatkumar Vithalbhai Parmar**
**Place : VAV**    **GJ00939,VAV.**